# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા**

(ગુજરાત એકટ નં.૨૪ દ્વારા સ્થાપિત)

સરકારી પોલીટેકનિક કેમ્પસ, ગદુરપુર, ગોધરા, જિ.પંચમહાલ–૩૮૯૦૦૧


નં./ એકેડેમિક/ ૨૧૬ /૨૦૨૦ તા.૧૧/૦૧/૨૦૨૦

પરિપત્ર : ૯૦૬૪

વિષય: જાન્યુઆરી ૨૦૨૦ થી દર માસના દિન-વિશેષની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૦૪/૦૧/૨૦૨૦ ના પત્રાંક: પરચ/૧૨૨૦૨૦/૦૨૦૧/ખ-૧

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, માન.શિક્ષણમંત્રીની સૂચના અનુસાર જાન્યુઆરી-૨૦૨૦ થી પ્રત્યેક માસમાં આવતા દિન-વિશેષની ઉજવણી કોલેજોમાં થાય તે માટે સુચારૂ આયોજન કરી શૈક્ષણિક કાર્યને બાધ ન આવે રીતે મહાનુભાવોના કાર્યોથી પરિચિત થાય તમજ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરૂરી છે. જેના અંતર્ગત કોલેજમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો કે મહાનુભાવો દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ, વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરી દિન-વિશેષની ઉજવણી કરવા આથી જણાવવામાં આવે છે. જાન્યુઆરી-૨૦૨૦ માસની દિન-વિશેષની વિગતો નીચે પ્રમાણે છે.

૧. **રાષ્ટ્રીય યુવા દિન:** તા.૧૨ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ રવિવાર હોવાથી તા.૧૧ જાન્યુઆરીના રોજ સ્વામી વિવેકાનંદ જયંતી "રાષ્ટ્રીય યુવા દિન"ની ઉજવણી કરવી.

૨. **નેતાજી સુભાષચંદ્ર બોઝની જન્મ જયંતી:** તા.૨૩ જાન્યુઆરી ૨૦૨૦ ના રોજ ઉજવણી કરવી.

3. **શહીદ દિન:** તા.૩૦ જાન્યુઆરી મહાત્મા ગાંધી નિર્વાણ દિન નિમિત્તે વિવિધ શહીદો જેવા કે, શ્યામજી કૃષ્ણવર્મા, રામ પ્રસાદ બિસ્મિલ, ભગતસિંહ, લાલા લજપતરાય, ચંદ્રશેખર આઝાદ અને વીર વિનોદ કિનારીવાળા તેમજ અન્ય શહીદોના સ્મરણાર્થે "શહીદ દિન"ની ઉજવણી કરવી.

વધુમાં દિન-વિશેષની ઉજવણીનો અહેવાલ યુનિવર્સિટી અને કે.સી.જી. અમદાવાદને મોકલી આપવાનો રહેશે.

કા.કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા